# ધનનો સદ્ઉપયોગ

– નારણભાઈ એચ. મકવાણા

ઘણાં વર્ષો પહેલાંની વાત છે. એક મોટા નગરમાં ધનીચંદ નામનો વેપારી વેપાર કરતો હતો. તેનો ખૂબ મોટો વેપાર–ધંધો અને મોટી નામદાર પેઢી હતી. ખૂબ જાણકાર નામ હતું. શેઠ તેના નામ પ્રમાણે ધનવાન ખૂબ, અઢળક ઝર–ઝવેરાત, સોનું–ચાંદી અને રોકડા રૂપિયા પણ હતા. છતાં શેઠ સ્વભાવે ખૂબ લોભી હતા. શેઠ ધનવાન પણ તેમના માટે કે કઈ અન્ય માટે એક પૈસો પણ વાપરતા પહેલાં સોવાર વિચાર કરતા. તેથી નગરમાં શેઠની ઓળખ લોભી શેઠની હતી.

આ ધનીચંદ શેઠને બે પુત્રો હતા. ખૂબ શાંત અને બુદ્ધિશાળી, ભણવામાં ખૂબ હોશિયાર તેથી શેઠ આ બંને પુત્રોને ઝડપથી વેપારમાં જોડવા અને નવી પેઢીની જવાબદારી સોપવા માંગતા હતા. જેથી હજુ પણ ખૂબ વધારે ઝડપથી ધન મેળવી શકાય અને ભણવા–ગણવામાં નાણાં ખર્ચાય નહિ, પણ બંને પુત્રો તેના પિતા કરતા સાવ અલગ જ વિચાર ધરાવતા કે નાનપણમાં વિદ્યાભ્યાસ અને યોગ્ય જ્ઞાન મેળવવું. પછી, મોટા થઈને આ જ્ઞાનનો ઉપયોગ યોગ્ય જગ્યાએ ધન–કીર્તિ કમાવા કરવો. આથી પિતા–પુત્રો વચ્ચે અવાર–નવાર રકઝક અને બોલાચાલી પણ થતી હતી.

પુત્રો મોટા થવા લાગ્યા. આગળ અભ્યાસ કરવા લાગ્યા અને અભ્યાસ પાછળ ધન ખર્ચાવા લાગ્યું. શેઠની ચિંતા વધવા લાગી અને રાતની નિંદર હરામ થઈ ગઈ. મોડી રાત સુધી એક જ વિચાર કરતો કે, મારું ધન મારા પુત્રો ભણવામાં વાપરી નાંખશે તો ? કોઈ ચોર–લૂંટારા ચોરી જશે તો ? મારી જિંદગીની કમાણી નકામી આમ પાણીમાં ચાલી જાય !

એક રાત્રે સૂતા–શેઠને વિચાર આવ્યો કે મારી બધી જ તિજોરી અઢળક ધન–દોલતથી ભરેલી ખાલી કરી નાખું જેથી કાયમની ચિંતા ટળે અને મારી પાસે સચવાય તેવાં કીમતી રત્નો અને હીરા–માણેક ખરીદી લઉં.

શેઠને રાત્રે જે વિચાર આવ્યો તેનો બીજા દિવસે અમલ કર્યો અને બધું ધન–દોલત રોકડા પૈસામાંથી કીમતી રત્નોની ખરીદી કરી અને સાંજે ઘરે આવ્યા. રાત્રે કોઈને ખબર ન પડે તેવી રીતે એક લાલ કાપડની થેલી લીધી અને થેલીમાં હીરા–રત્નો, માણેક ભરી લીધાં. થેલીનું મોઢું બરાબર સીવી લીધું પછી શેઠ કીમતી થેલી દિવસે તેની સાથે રાખે ને રાત્રે સૂતી વખતે કમર ઉપર બાંધી રાખે.

વળી, થોડા દિવસ પછી શેઠને વિચાર આવ્યો કે આ થેલી કોઈ ઝૂંટવીને ભાગી જાય, ચોરી થઈ જાય અથવા તો ક્યાંય પડી જાય તો ! ના....ના....આમ, જોખમ સાથે રાખી ચલાય નહિ.....!

તેથી તેણે રાત્રે જ થેલીને તેના માથા નીચે રાખવાના ઓશીકામાં અંદર રાખીને ઓશીકાને બરાબરની સિલાઈ કરી લીધી. પછી દરરોજ શેઠ રાત્રે આ ઓશીકાને માથા નીચે રાખીને આરામથી સૂઈ જતા. જાણે બધી ચિંતા ટળી હોય.

થોડા સમય પછી ધનીચંદ શેઠ બીમાર પડયા. ત્રણેય પુત્રો એક પછી એક સારા ડૉક્ટરને બોલાવી લાવતા જેથી પિતા ઝડપથી સાજા થઈ જાય પણ શેઠ કહેતા : બેટા તમે મારી ખોટી ચિંતા ન કરશો, હું જલદી સ્વસ્થ થઈ જઈશ. આ નાનકડી બીમારીમાં હું કાંઈ થોડો મરી જવાનો છું ! જેથી તમે ડૉક્ટરના દવા–દારૂ પાછળ નકામાં નાણાં ખર્ચ કરશો નહિ. આમ પૈસા પાછળ નકામાં નાણાં ખર્ચ કરશો નહિ. આમ પૈસા વાપરવાની બીકે બરાબરની સારવાર ન મળવાથી શેઠ એક દિવસ મૃત્યુ પામ્યા.

શેઠના મૃત્યુ બાદ તેના પુત્રોએ શ્રદ્ધાંજલિનો દિવસ નક્કી કરી અને જરૂરિયાતમંદ લોકોને દાન આપી પિતાની યાદમાં ખૂબ પુણ્ય કમાવું અને પિતાનું નામ ઊજળું કરવું. તેથી નગરમાં આ સમાચાર ઝડપથી ફેલાઈ ગયા અને દાન મળવાની આશાઓ લઈ ઘણા લોકો શ્રદ્ધાંજલિ કાર્યક્રમમાં આવ્યા અને બધાને શેઠના પુત્રોને યથાયોગ્ય દાન આપ્યું.

દિવસના અંતે એક ભિખારી દાનની આશાએ શેઠના પુત્રો પાસે આવ્યો. આ ભિખારી ઉપર શેઠના મોટા પુત્રની નજર પડી અને નોકરોને આદેશ આપ્યો કે આ ભિખારીને પિતાજીની પથારી દાનમાં આપી દો. તરત જ નોકરોએ શેઠના આદેશ મુજબ એમ કર્યું. પેલા ભિખારીને શેઠની પથારીનું ગાદલું ને ઓશીકું મળતાં ખૂબ ખુશ થયો અને ખુશ થતો ઘેર ગયો.

સાંજ પડી એટલે પેલા ભિખારીએ સૂવા માટે ગાદલું પાથર્યું અને ઓશીકું રાખ્યું પણ ઓશીકા ઉપર જેવું માથું રાખ્યું કે તેમાં અંદરથી કાંઈક ખડખડ એવો અવાજ આવ્યો. પેલા ભિખારીએ બે–ચાર વાર ઓશીકાને આમતેમ હલાવી બરાબર ખરાઈ કરી તેણે વિચાર્યું કે, ચોક્કસ આ ઓશીકાની અંદરથી જ અવાજ આવે છે. તેણે તરત જ ઓશીકાની સિલાઈ કાઢીને ખોલ્યું, તો અંદરથી એક લાલ થેલી નીકળી અને થેલીમાં જોયું તો અંદર કીમતી રત્નો, હીરા, માણેક ચમકતા હતાં. પેલો ભિખારી થોડી વાર તો સુનમુન થઈ ગયો.

ભિખારીએ તરત જ તેની પત્નીને બૂમ પાડી અને બોલાવી અને થેલીમાં રહેલાં હીરા–રત્નો બતાવ્યાં, પત્ની પણ થોડી વાર દંગ રહી ગઈ અને બોલી : આપણે ગરીબ છીએ, ભીખ માંગવી આપણી મજબૂરી છે, પણ આપણે બેઇમાન કે ચોર નથી. આપણને શેઠના પુત્રોએ આ ગાદલું અને ઓશીકું દાનમાં આપ્યા છે, પણ આ રત્નોથી ભરેલી થેલી નહિ. તેથી આ ધનના ખરા માલિક શેઠના પુત્રો છે, જેથી આપણે તેને આ ધન પાછું આપી દેવું જોઈએ.



સવાર પડી એટલે ભિખારી અને તેની પત્ની શેઠના પુત્રો પાસે આવ્યા અને થેલી મળ્યાની આખી વાત વિગતવાર કરી. બંને પુત્રો બરાબર સાંભળતા હતા અને પિતાના સ્વભાવથી તે ખૂબ પરિચિત પણ હતા.

બંને પુત્રોએ ભિખારી અને તેની પત્નીના નિષ્ઠા અને પ્રામાણિકતાના ગુણોના વખાણ કર્યા અને થેલીમાં રહેલા ધનનો તેની સામે જ ઢગલો કર્યો અને ચોથો ભાગ પેલા ભિખારીને પાછો આપ્યો અને બોલ્યા : લે ભાઈ આ તારી પ્રામાણિકતાનું ઇનામ.

આટલું ધન મળતાં ભિખારી અને તેની પત્ની ખુશ થતાં ઘરે ગયાં. થોડી વારમાં આ વાત આખા નગરમાં વાયુવેગે ફેલાઈ ગઈ. ભિખારી માલામાલ બની ગયો. અને ભીખ માંગવાનું છોડી દીધું. શેઠના બંને પુત્રોએ પિતાના સંગ્રહ કરેલા ધનમાંથી ઘણાં ધનનો નગરના લોકો માટે, તેમની સુખ–સગવડ માટે, લોકોપયોગી કાર્યો માટે ખર્ચ કર્યો. શેઠની ઓળખ 'લોભી શેઠ' હતી તે ભુસાવા લાગી અને પુત્રોની નામના અને કીર્તિ દેશ–પરદેશમાં ફેલાવા લાગી અને પછી બંને પુત્રોએ પિતાની વેપારી પેઢી ચાલુ કરી અને વેપાર કરવા લાગ્યા.

■